| AAU<br>कृणवन्तो राष्ट्रं कृषि संपन्नम् | **કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય**<br>**આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય,**<br>**ગોધરા-૩૮૯૦૦૧** | G20<br>भारत 2023 INDIA<br>वसुधैव कुटुम्बकम्<br>ONE EARTH • ONE FAMILY • ONE FUTURE |
|---|---|---|

કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આફ્વા, ગોધરાના ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા “G-20,Theme- Impact of the Covid-19 Pandemic” હેઠળ તારીખ ૧૫.૦૭.૨૦૨૩ ના રોજ “Essay Writing Competition” અને “Poster Presentation” સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમનું આયોજન આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ડૉ.આર.સુબ્બૈયાના માર્ગદર્શન હેઠળ “G-20,Theme- Impact of the Covid-19 Pandemic” ના કન્વીનરશ્રી ડો. કે.એલ. ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને કો-કન્વીનરશ્રી ઈજ. રાજેશ એસ. ગોધાણી, સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહાવિદ્યાલયના બી.ટેક. અભ્યાસક્રમના પ્રથમ વર્ષના વિધ્યાર્થીઓ/વિધ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. સદર કાર્યક્રમ અંતર્ગત વિધ્યાર્થીઓ/વિધ્યાર્થિનીઓએ થીમ આધારિત “Essay Writing Competition” અને “Poster Presentation” ના માધ્યમથી કોરોના વખતના સમયમાં લોકોએ જે મુશ્કેલીઓનો સામનો કર્યો હતો એનું તેમજ એ સમય દરમ્યાન “online system” અંતર્ગત કેટલાક ફાયદાઓ પણ થયા હતા એનું આબેહુબ વર્ણન રજૂ  કર્યું. સદર કાર્યક્રમમાં અત્રેની મહાવિદ્યાલયના ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગના પ્રાધ્યાપક અને વડા, ડો. પંકજ ગુપ્તાએ નિર્ણાયક તરીકેની સુંદર કામગીરી નિભાવી વધારેમાં વધારે વિધ્યાર્થીઓ આવા કાર્યક્રમોમાં ભાગ લે એવો અનુરોધ કર્યો. અત્રેના વિભાગના સર્વશ્રી ડો.આર.સ્વર્ણકાર, ડો.આર.સી.સાળુંખે, ઈજ.સંજય પારગી, શ્રી નીરવ સોલંકી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપી વિધ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો. કાર્યક્રમના અંતે વિધ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો એ બદલ એમને  બિરદાવી, ઉપસ્થિત સૌ અધિકારી/કર્મચારીગણનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.




